# જુના સચિવાલયમાં વિજળી પડતા કર્મચારીનું મોત

## જિલ્લા પંચાયતની રજીસ્ટ્રી શાખામાં ફરજ બજાવતા કર્મચારીનું મૃત્યુ, જુના સચિવાલય બ્લોક નં.૧૧ પાસે વિજળી પડી







ગાંધીનગર,તા.૧૪

ગાંધીનગર શહેરના જુના સચિવાલય બ્લોક નં.૧૧ નજીક ગાર્ડનમાં આવેલા લીમડાના ઝાડ નીચે ઉભા રહેલા જિલ્લા પંચાયતના વર્ગ-૩ ના કર્મચારી પર વિજળી પડી હતી. કર્મચારી ટપાલ આપીને પરત ફરી રહ્યા હતા તે સમયે ઘટના બની હતી. વરસાદી માહોલમાં આકાશી કડાકા ભડાકા વચ્ચે વિજળી પડતા કર્મચારી દાઝી જતા ઢળી પડ્યા હતા. કર્મચારીને તાત્કાલીક સારવાર માટે ૧૦૮ દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. પરંતુ સિવિલ પહોંચે તે પહેલા તેઓનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. વિજળી પડતા કર્મચારીના મૃત્યુના સમાચાર વાયુવેગે સચિવાલયમાં ફેલાઈ જતા કર્મચારીઓના ટોળા એકઠા થયા હતા. જયારે કર્મચારીના મૃત્યુ અંગે જિલ્લા પંચાયત ખાતે જાણ થતા શોકનું મોજુ ફરી વળ્યું હતું. જયારે સિવિલ ખાતે પરિવારજનો સાથે સાથે જિલ્લા પંચાયતના પ્રમુખ અને સીડીએચઓ સહિતના અધિકારીઓ દોડી ગયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

### રજનીકાંતભાઈ તા.૮ મી ના રોજ નોકરી પર હાજર થયા હતા

જિલ્લા પંચાયત કચેરી ખાતે રજીસ્ટ્રી શાખામાં ફરજ બજાવતા રજનીકાંતભાઈ દુલેરા બિમારીમાં સપડાયા હતા. તેઓને ચિકનગુનિયા અને મેલેરીયા થયો હતો. જેથી તેઓ નોકરી પર રજા પર હતા અને તા.૮ મી ના રોજ જિલ્લા પંચાયત ખાતે નોકરી પર હાજર થયા હતા.

### જિલ્લા પંચાયત પ્રમુખ અને સીડીએચઓ સિવિલ દોડી ગયા




જિલ્લા પંચાયતની રજીસ્ટ્રી શાખામાં ફરજ બજાવતા કર્મચારી રજનીકાંત દુલેરા પર જુના સચિવાલય બ્લોક નં.૧૧ ખાતે બપોરે વિજળી પડતા તેઓનું મૃત્યુ થયું હતું. બનાવની જાણ થતા જિલ્લા પંચાયતના પ્રમુખ અને સીડીએચઓને થતા તેઓ તાત્કાલીક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા. જયારે જિલ્લા પંચાયત કચેરી ખાતે શોકનું મોજુ ફરી વળ્યુ હતું.

# વેક્શિનેશન અભિયાનમાં બીજો ડોઝ લેનારાઓ વધુ નોંધાયા

### શહેરમાં ત્રણ હજાર તો ગ્રામ્યમાં પાંચ હજાર લોકોએ વેક્સિનનો બીજો ડોઝ લીધો : તંત્રએ અભિયાન સઘન કર્યુ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં આજે ૧૧ હજારથી વધુ લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવામાં આવ્યા હતા.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૮૧૪૮ લોકોને અને શહેરમાં ૩૬૩૨ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. આજે વેક્સિનનો બીજો ડોઝ લેનારાઓની સંખ્યા વધુ રહી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં આજે બીજો ડોઝ લેનારાઓની સંખ્યા ૩ હજાર જેટલી હતી. ગ્રામ્ય વિસ્તારમાં પણ સેકન્ડ ડોઝ લેનારાઓની સંખ્યા ૫ હજારથી વધુ હતી.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં સેકન્ડ ડોઝ મેળવનારાઓની સંખ્યા ૧.૫૦ લાખનો આંક વટાવી ચુકી છે. આમ સેકન્ડ ડોઝ ૫૦ ટકા લોકોએ લઈ લીધો છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ સેકન્ડ ડોઝ લેનારાઓની

● અનુસંધાન પાન-૭ પર

# નવા મંત્રીમંડળમાં નીતિનભાઈ નં. ૨ ના સ્થાને યથાવત્ રહેશે : ૧૬મીએ શપથવિધિ સમારોહ

ગાંધીનગર, તા. ૧૪

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમના મંત્રીમંડળનું ગુરૂવારે વિસ્તરણ કરશે. પાટનગરના રાજકીય વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ નાયબ મુખ્યમંત્રીનું પદ નહિ હોય પણ મંત્રીમંડળમાં નં. ૨ ના સ્થાન પર નીતિનભાઈ પટેલને રાખશે. આ માટે તેમણે નીતિનભાઈને મનાવી લીધા હોવાનું જાણવા મળેલ છે.

આ વર્તુળોના જણાવ્યાનુસાર રૂપાણી મંત્રીમંડળમાં નબળુ રિપોર્ટ કાર્ડ ધરાવતા મંત્રીઓને પડતા મુકવામાં આવશે. નવા મંત્રીમંડળમાં ઓ.બી.સી. વર્ગના સભ્યોને વધુ સમાવવામાં આવશે. ૯ જેટલા મંત્રીઓ ઓ.બી.સી. વર્ગના હશે તેવી અટકળોને પગલે પાટનગરના રાજકારણમાં વધુ ચર્ચા જાગી છે.

આ નવા મંત્રીમંડળમાં ૨ થી ૩ મહિલાઓનો સમાવેશ કરવામાં આવશે. જેમાં એક કેબિનેટમાં અને બે મહિલાને રાજયકક્ષાના મંત્રી બનાવવામાં આવી શકે છે. ભાજપના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ યુવા સરકાર બનશે અર્થાત યુવાઓને વધુ પ્રતિનિધિત્વ અપાશે.

રાજય મંત્રીમંડળમાં બે બ્રાહ્મણ, ૩ થી ૪ પટેલ સમાજના તેમજ ૨ થી ૩ ક્ષત્રિય સમાજના સભ્યોને મંત્રીમંડળમાં સ્થાન મળશે.

પાટનગરના રાજકીય વર્તુળોમાં જે ચર્ચાઓ ચાલે છે તેમાં સૌરભ પટેલ, વિભાવરીબેન દવે, કૌશિકભાઈ પટેલ, વાસણભાઈ આહિર, પુરૂષોત્તમભાઈ સોલંકીને પડતા મુકવામાં આવી શકે છે. ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને વિધાનસભાના અધ્યક્ષ બનાવાશે અને વર્તમાન અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીનો મંત્રીમંડળમાં સમાવેશ કરાશે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વરસાદનો વિચિત્ર મિજાજ નવા સેકટરો કોરા જુનામાં ઝાપટા વરસ્યા

### અત્યાર સુધી સિઝનનો ૨૭૫ મી મી વરસાદ થયો : આગામી દિવસોમાં ભારે વરસાદ વરસવાની સંભાવના

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં આજે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી વાયરો ફુંકાયો હતો. શહેરમાં છેલ્લા પાંચ દિવસથી વરસાદી ઝાપટા યથાવત છે. ગઈકાલે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદ વરસ્યો હતો. જયારે આજે પણ શહેરમાં વરસાદી ભીંજારો યથાવત જોવા મળ્યો હતો. સવારથી વાદળિયુ વાતાવરણ રહ્યુ હતુ. શહેરના જુના અને નવા સેકટરોમાં પણ વરસાદના છાંટણા પડયા હતા જો કે બપોર બાદ નવા સેકટરોમાં કોરુ રહ્યુ હતુ જુના સેકટરોમાં વરસાદ વરસ્યો હતો. નવા અને જુના સોકટરોમાં વરસાદનો મિજાજ અલગ અલગ જોવા મળ્યો હતો. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૨૭૫ મી મી વરસાદ નોંધાયો છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાંધેજા ચોકડી બાલવા ચોકડી સુધીનો માર્ગ ઉબડ ખાબડ : માર્ગ સલામતી જોખમાઈ

### ટ્રાફિકનો ધમધમાટ વધુ ત્વરિત માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવા માટે પ્રબળ માંગણી




ગાંધીનગર તા ૧૪

રાંધેજા ચોકડીથી માણસા તરફ જવાના માર્ગ પર બાલવા ચોકડી સુધીનો માર્ગ તુટી ગયો છે. ઉબડ ખાબડ માર્ગના લીધે માર્ગ સલામતી જોખમાઇ છે. વાહનચાલકોને રોજબરોજ હાલાકી વેઠવી પડે છે. આ મામલે સ્થાનિક વેપારીઓ તેમજ અગ્રણીઓએ માર્ગનુ સમારકામ ત્વરિત હાથ ધરવામાં આવે તેવી માંગણી કરી છે.

રાંધેજા ચોકડીથી બાલવા તરફ જવાના માર્ગ પર બાલવા ચોકડી સુધી રોડ તુટી ગયો છે. જેના લીધે વાહનચાલકો અને રાહદારીઓએ પારાવાર હાલાકી વેઠવી પડે છે. આ વિસ્તારના વેપારીઓ અને હોટલ સંચાલકો પણ તુટેલા માર્ગના લીધે પરેશાન છે. આ માર્ગની સુધારણાનુ કામ થોડા સમય અગાઉ જ હાથ ધરાયુ છે. આમછતા માર્ગની દશા બેઠી છે. ઉબડ ખાબડ માર્ગના લીધે માર્ગ સલામતી પણ જોખમાઈ છે. આ વિસ્તારમાં ટ્રાફિકનો ધમધમાટ પણ વધુ રહે છે. જયારે માણસા , ગોજારીયા, વિસનગર, ઉંઝા, અંબાજી વચ્ચે અવરજવર કરતા વાહનચાલકો આ માર્ગેનો ઉપયોગ કરતા હોવાથી વાહન ચાલકોની સલામતી સામે પણ ખતરો મંડરાયો છે. આ માર્ગનુ ત્વરિત પેવરકામ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી પ્રબળ બની છે. સમારકામ હાથ ધરવામાં આવે તેવી રજુઆત પણ સ્થાનિકોએ તંત્ર સમક્ષ કરી છે.

# શહેરી રૂટમાં કાપ મુસાફરો પરેશાન બસ માટે કલાકો રાહ જોવી પડે છે

### ગ્રામ્ય વિસ્તારની બસોમાં ટ્રાફિક વધ્યો : અમદાવાદ જવા માટે ઉપરથી આવતી બસ સેવાનો ઉપયોગ કરે છે

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગર શહેરી બસ સેવાના રૂટનુ સંચાલન ખોરવાયુ છે. છેલ્લા કેટલાક સમયથી બસ સ્ટોપ પર લાંબા સમય સુધી બસ ન મળતા અપડાઉન કર્તાઓએ વલખા મારવા પડે છે. શહેરી બસ સેવાના રૂટમાં કાપ મુકાતા હાલ ગ્રામ્ય વિસ્તારની બસોમાં ટ્રાફિક વધી ગયો છે. શહેરી બસ સેવા ન મળતા ઉપરથી આવતી બસોમાં અમદાવાદના મુસાફરો અવરજવર કરી રહ્યા છે.

ગાંધીનગર એસ ટી બસના રૂટોનુ સંચાલન ખોરવાયુ છે. જેના લીધે રોજબરોજ અપડાઉન કરતા મુસાફરોને હાલાકી વેઠવી પડે છે. બપોરના સમય બાદ સંચાલન ખોરવાઈ જતા મુસાફરોને હાલાકી વેઠવી પડે છે. સાંજના સમયે પીક અવર્સમાં બહારગામના રૂટમાં બસ ન દોડાવાય અને શહેરી બસના રૂટમાં કાપ ન મુકાય તે માટે પણ અપડાઉન કર્તાઓ રજુઆત કરી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે ગ્રામ્ય વિસ્તારના રૂટમાં પણ ટ્રાફિક વધી જાય છે. તહેવારો અને રજાના દિવસોમાં આમ પણ શહેરી બસ સેવાનુ સંચાલન ખોરવાઈ જાય છે. શહેરી બસ સેવાનુ સંચાલન ખોરવાતા ગ્રામ્ય વિસ્તારની બસો અલબત્ત ઉપરથી આવતી બસોમાં પણ ટ્રાફિક વધુ જોવા મળે છે. મુસાફરોની સંખ્યા ગ્રામ્ય વિસ્તારની બસોમાં વધી જાય છે. બપોર બાદ અમદવાદ જવા માટે અપડાઉન કર્તાઓએ બસ માટે વલખા મારવા પડે છે. આ સ્થિતિ વચ્ચે શહેરી બસ સેવાના રૂટ વધારવા માટે પણ રજુઆત કરવામાં આવી રહી છે. હાલની સ્થિતિએ અપડાઉન કર્તાઓએ શહેરી બસ સેવાના રૂટ વધારવા તેમજ ગ્રામ્ય વિસ્તારની બસોમાં ટ્રાફિક ઘટે તે માટે યોગ્ય આયોજન કરવા માટે પણ પ્રબળ માંગણી કરી છે.

# ભાજપમાં ભડકો : પેથાપુરના પૂર્વ નગરપતિ રણજીતસિંહ વાઘેલા 'આપ'માં જોડાયા

### આમ આદમી પાર્ટીએ પેથાપુરમાં ભાજપના ગઢનો કાંગરો ખેરવ્યો : ભાજપના વિકાસશીલ નેતાએ પક્ષ પલ્ટો કરતાં ચકચાર




ગાંધીનગર તા.૧૪

ગાંધીનગરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે, તે સાથે જ ચૂંટણી પ્રચાર અને બીજા પક્ષના અસંતુષ્ટ નેતાઓને પોતાના પક્ષમાં ખેંચવાની રમતો શરૂ થઈ ગઈ છે. ગાંધીનગરમાં પહેલીવાર ચૂંટણી લડી રહેલી આમ આદમી પાર્ટીએ આજે પેથાપુરના ભાજપના ગઢમાં મોટો કાંગરો ખેરવ્યો છે. પેથાપુરનાં પૂર્વ નગરપ્રમુખ રણજીતસિંહ વાઘેલાએ આજે ભાજપ છોડી આમ આદમી પાર્ટીનું ઝાડુ પકડી લેતાં ભાજપની છાવણીમાં સોપો પડી જવા પામ્યો છે. આ સમગ્ર કિસ્સામાં ભાજપ તો ઠીક પરંતુ કોંગ્રેસ પણ ઉંઘતી ઝડપાઈ છે.

પેથાપુર ખાતે આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતા ઈશુદાન ગઢવી દ્વારા પક્ષના સ્થાનિક અગ્રણી નેતાઓની હાજરીમાં રણજીતસિંહ વાઘેલાને ખેસ પહેરાવી પાર્ટીમાં આવકારવામાં આવ્યાં હતા. આમ આદમી પાર્ટીમાં જોડાતા જ રણજીતસિંહ વાઘેલાએ ભાજપ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ પેથાપુર ખાતે છેલ્લા બે દશકાથી નગરપાલિકાના નગર પ્રમુખ તેમજ સભ્ય તરીકે વિકાસ કાર્યો પણ નોંધપાત્ર યોગદાન આપનાર ભાજપના અગ્રણી રણજીતસિંહ વાઘેલાની આગેવાની અને દેખરેખ હેઠળ પેથાપુરમાં પીવાના પાણીના સાત ટ્યુબવેલ, પછાત વિસ્તારોમાં આંગણવાડીઓ, પેથાપુરની જર્જરિત શાળાઓનું નવીનીકરણ, રામપીરની સમાજવાડી, નવા ડેલાની બાજુમાં દિપોમાતાએ સમાજવાડી, પાલૈયા તેમજ મૂળચંદ પાર્કમાં વાડી ઉપરાંત ઘરે ઘરે અઢી હજાર જેટલાં શૌચાલય બનાવાયા મુખ્યમંત્રીના હસ્તે પ્રમાણપત્ર મેળવ્યું હતું. આ ઉપરાંત પેથાપુરની ડમ્પીંગ સાઈટ અટકાવવામાં પણ રણજીતસિંહ વાઘેલાનો મુખ્ય ફાળો રહ્યો છે તેમ છતાં ભાજપમાં થતી સતત અવગણનાને પગલે રણજિતસિંહે આમ આદમી પાર્ટીમાં જોડાવાનું મુનાસીબ માન્યું છે. રણજીતસિંહ વાઘેલાએ આમ આદમી પાર્ટીનો ખેસ પહેર્યો ત્યારે ઈશુદાન ગઢવી ઉપરાંત અમદાવાદ ઝોન પ્રભારી શિવ કુમાર ઉપાધ્યાય, ગુજરાત પ્રભારી રાજેશભાઈ શર્મા, પ્રદેશ સંગઠન મંત્રી હસમુખ પટેલ, પ્રદેશ સંગઠન મંત્રી મનોજ સોરઠીયા, જિલ્લા પ્રમુખ મુકેશ પટેલ તથા રણજીતસિંહના ટેકેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com